ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ)એક્ટ,૨૦૧૭ હેઠળ ફી નિયમન સમિતિ તથા ફી રીવીઝન સમિતિ સમક્ષ અરજી કરવાના પ્રસંગે ભરવાની થતી પ્રોસેસ ફી બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃબમશ/૧૨૧૭/૩૭૬/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૨ /૦૫/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ) એક્ટ,૨૦૧૭.

(૨) ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ) એક્ટ,૨૦૧૭ હેઠળના નિયમો.

આમુખઃ-

રાજ્ય સરકાર દ્વારા તા. ૨૦/૦૪/૨૦૧૭ ના જાહેરનામાથી ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ ) એક્ટ,૨૦૧૭ અમલી બનેલ છે. તથા આ એક્ટના અનુસંધાનમાં તા. ૨૫/૦૪/૨૦૧૭ થી ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ) એક્ટ,૨૦૧૭ હેઠળના નિયમો પણ અમલમાં આવેલ છે. આ નિયમો હેઠળ સેલ્ફ ફાઇનાન્સ શાળાઓએ પોતાની ફી નક્કી કરવા માટે સબંધિત ઝોનલ ફી નિયમન સમિતિ સમક્ષ અરજી કરવાની રહેશે. વધુમાં ફી નિયમન સમિતિના નિર્ણયથી નારાજ થયેલ પક્ષકાર ફી રિવિઝન સમિતિ સમક્ષ અપીલ કરી શકે તે મતલબની જોગવાઇ કરવામાં આવેલ છે.

## ઠરાવ

ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કુલ્સ (રેગ્યુલેશન ઓફ ફીઝ ) એક્ટ,૨૦૧૭ના અનુસંધાનમાં અરજદારે ફી નિયમન સમિતિ સમક્ષ ફી નિર્ધારણ માટે અરજી કરતી વખતે રૂ. ૧૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પુરા)અને ફી રીવીઝન સમિતિ સમક્ષ અરજી કરતી વખતે રૂ. ૧૦,૦૦૦(અંકે રૂપિયા દસ હજાર પુરા) પ્રોસેસ ફી તરીકે વસુલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સંબંધિત પક્ષકારે પ્રાથમિક/માધ્યમિક શિક્ષણના કિસ્સામાં નિયત કરેલ પ્રોસેસ ફી ની રકમ નીચે મુજબના સદર હેઠળ ચલણથી જમા કરવવાની રહેશે.તથા તેની પ્રમાણિત નકલો ફી નિયમન સમિતિ/ફી રીવીઝન સમિતિ સમક્ષ રજુ કરવાની રહેશે.

**પ્રાથમિક શિક્ષણ**

મુખ્ય સદર: ૦૨૦૨-શિક્ષણ ખેલકૂદ,કલા અને સંસ્કૃતિ
પેટા સદર: ૦૧-સામાન્ય શિક્ષણ
ગૌણ સદર : ૧૦૧- પ્રારંભિક શિક્ષણ
પેટા સદર (૦૧)- અન્ય પ્રાપ્તિ
હેડ ચાર્જેબલ ૦૨૦૨-૦૧-૧૦૧-૦૧

**માધ્યમિક શિક્ષણ**

મુખ્ય સદર: ૦૨૦૨-શિક્ષણ ખેલકૂદ,કલા અને સંસ્કૃતિ

શ્રી પંચાલ
Put on website
8/4/5

Srqlar 1

પેટા સદર: ૦૧-સામાન્ય શિક્ષણ
ગૌણ સદર : ૧૦૨- પ્રારંભિક શિક્ષણ
પેટા સદર (૦૧)- શિક્ષણ અને અન્ય ફી
હેડ ચાર્જેબલ ૦૨૦૨-૦૧-૧૦૨-૦૧

ઉપરોકત ઠરાવ નાણા વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપરની તા. ૨૭/૦૪/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અજય ભટ્ટ )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
સર્વે અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી,આઇ.ટી.સેલ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-પ્રસ્તુત ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ ઉપર યોગ્ય જગ્યાએ રાખવાની વિનંતી સહ
ના.સે.અ., સિલેકટ ફાઇલ
સિલેકટ ફાઇલ.